# ઉજ્જિવનનો ₹૮૮૫ કરોડનો આઈપીઓ 28 એપ્રિલે ખૂલશે

**મુંબઈ:** માઈક્રોફાઈનાન્સ કંપની ઉજ્જિવન ફાઈનાન્શિયલ સર્વિસિસ ૨૮ એપ્રિલે તેનો ₹૮૮૫ કરોડનો આઈપીઓ લાવશે. તેણે તે માટે પ્રતિ શેર ₹૨૦૭થી ૨૧૦ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. ઉજ્જિવનને સ્મોલ ફાઈનાન્સ બેન્ક શરૂ કરવા સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. તે આઈપીઓ લાવનારું બીજું માઈક્રો ધિરાણકાર બનશે. ૨૮ એપ્રિલે શરૂ થતો આઈપીઓ બીજી મેના રોજ બંધ થશે. તેમાં કંપની દ્વારા ₹૩૫૮ કરોડના નવા શેર ઈશ્યૂ કરાશે અને વિદેશી રોકાણકારોની ₹૫૨૭ કરોડની ઓફર ફોર સેલ સામેલ હશે. કંપનીના વિદેશી રોકાણકારોમાં મોરેશિયસ યુનિટસ કોર્પ (૨.૪૯ ટકા), ડબલ્યુપી હોલ્ડિંગ (૩.૦૯ ટકા) સામેલ છે જે પોતાનો હિસ્સો વેચી નાખશે.